©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 05th JUNE, 2026/JYAISTHA 15, 1948 [Issue No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પ્રોહિબીશન એક્ટ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) તળે બહાર પાડેલ હુકમ

વંચાણે લીધા :

(૧) રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી બહાર પાડેલ આદર્શ આચાર સંહિતા

(૨) રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક : ઈએલસી/સી.ઓ.સી.-૩(૮)/૦૪૨૦૨૬/ક-૯૪૧૯ થી ૯૫૪૯, તા. ૦૧-૦૪-૨૦૨૬.

હુકમ

નં. નાચી/પલસ/વશી/૫૨૮/૨૦૨૬.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ-૨ના પરિપત્રથી રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે અમરેલી જિલ્લામાં કુલ-૦૬ (અમરેલી, બગસરા, સાવરકુંડલા, દામનગર, બાબરા, ધારી) નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ-૧૧ (ધારી, બાબરા, બગસરા, કુકાવાવ-વડીયા, રાજુલા, લીલીયા, અમરેલી, ખાંભા, સાવરકુંડલા, લાઠી, જાફરાબાદ) જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા.૨૬-૦૪-૨૦૨૬ના રોજ યોજાનાર છે તેમજ જો પુનઃમતદાન યોજવાનું થાય તો તેની તા. ૨૭-૦૪-૨૦૨૬ છે અને મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે. સદરહું તારીખથી અમરેલી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ માં અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી મતદારોને પ્રલોભનરૂપે દારૂ તેમજ નશાયુક્ત પદાર્થ આપવામાં આવે નહી અને ચૂંટણીનું કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની પ્રવર્તમાન સુચનાઓ બહાર પાડવામાં આવેલ તેમજ નિયામકશ્રી, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૦-૦૪-૨૦૨૬ના પત્રથી જણાવેલ સુચનાઓ ધ્યાને લેતા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ માં અમરેલી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં આવેલ કેફી પદાર્થનું વેચાણ કરતી (લીકરશોપ) હોટેલ, રેસ્ટોરન્ટ, કલબ જેવા પરવાનેદારો દ્વારા દારૂનું વેચાણ/પીરસવાની સામે મતદાન પુર થવા માટે નિયત થયેલ સમય માટે પુરા ૪૮ કલાકના સમયગાળા પહેલા એટલે તા. ૨૪-૦૪-૨૦૨૬ના સાંજના ૦૬-૦૦ કલાકથી તા.૨૬-૦૬-૨૦૨૧ના સાંજના ૦૬-૦૦ કલાક સુધી(જો પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસો) અને મતગણતરીના દિવસ એટલે કે તા.૨૮-૦૪-૨૦૨૬ના દિવસને ''ડ્રાય ડે'' તરીકે જાહેર કરેલ હોવાથી નીચે જણાવેલ કૃત્યો પર પ્રતિબંધ કરવા મને ઈષ્ટ જણાય છે.

જેથી ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨(૧) હેઠળ મને મળેલ સતાની રૂએ હું, **વિકલ્પ ભારદ્વાજ (I.A.S.), જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** સમગ્ર અમરેલી જિલ્લામાં નીચે જણાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

૧. કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય,

૨. વ્યક્તિગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ ધરાવતા વ્યક્તિઓને

તા.૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન પુરૂ થવા માટે નિયત થયેલ સમયથી ૪૮ કલાક પહેલાના સમયગાળા એટલે કે તા.૨૪-૦૪-૨૦૨૬ના સાંજના ૦૬-૦૦ કલાક થી તા. ૨૬-૦૪-૨૦૨૬ના સાંજના ૦૬-૦૦ સુધી (જો પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસે) અને મતગણતરીના દિવસે એટલે કે તા. ૨૮-૦૪-૨૦૨૬ (આખો દિવસ)ના દિવસે દારૂ વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ ઉકત વિગતે તા.૨૪-૦૪-૨૦૨૬ થી તા. ૨૮-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે તેમજ અમરેલી જિલ્લામાં નગરપાલિકા તથા જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ હેઠળના વિસ્તારને લાગુ પડશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પ્રોહિબીશન એક્ટ-૧૯૪૯ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તારીખ : ૨૪મી એપ્રિલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

વિકલ્પ ભારદ્વાજ

જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) Dy. Chief Engineer(Const.), Western Railway, Rajkot ના પત્ર નં. Dy. CE/C/RJT/KJV-AE/01/LC 19, તા. ૨૬-૦૪-૨૦૨૬.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૧૮૬/ટ્રાફિક/અભિપ્રાય/૭૩/૨૦૨૬, તા. ૨૯-૦૪-૨૦૨૬.

(૩) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીના પત્ર નં. એમએજી/વશી/૫૧૩/૨૦૨૬, તા. ૨૯-૦૪-૨૦૨૬

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૫૫૩/૨૦૨૬.- વંચાણે લીધા-૧થી ખીજડીયા-અમરેલી ગેજ કન્વર્ઝન સંદર્ભમાં તા. ૩૦-૦૪-૨૦૨૬ થી તા. ૦૧-૦૫-૨૦૨૬ દરમિયાન અમરેલી-લાઠી રોડ ફાટક (LC ૧૯) પર રેલવે ટ્રેકનું કામ કરવાનું આયોજન હોવાનું જણાવી, લાઠી રોડ ફાટક રૂટ પર હળવા તથા ભારે વાહનોની અવરજવર બંધ કરી, તા. ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ રાત્રીના ૧૦-૦૦ કલાકથી તા. ૦૧-૦૫-૨૦૨૬ ના રોજ સવારના ૦૬-૦૦ કલાક માટે વૈકલ્પિક રૂટ આપવા માટે રૂટ ડાયવર્ટ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે.

વંચાણે લીધા-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ અમરેલી શહેરમાં આવેલ લાઠી રોડ ફાટક રૂટ પરથી પસાર થતા તમામ હળવા તથા ભારે વાહનો માટેનો વૈકલ્પિક રૂટ (૧) લાઠી તરફથી આવતા તમામ હળવા તથા ભારે વાહનોને નાનામાચિયાળા નવા બાયપાસથી ચિતલ રોડથી સેન્ટર પોઈન્ટથી સીટી તરફ જવા તેમજ સીટી તરફથી જતા તમામ હળવા તથા ભારે વાહનોને સેન્ટર પોઈન્ટથી ચિતલ રોડથી નવા બાયપાસથી લાઠી બાયપાસ તરફ થઈને પ્રવેશ આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

વંચાણે લીધા-૩ થી એસ.ડી.એમ.શ્રી, અમરેલીએ અમરેલી લાઠી રોડ ફાટક પરથી પસાર થતા તમામ પ્રકારના વાહનોની અવરજવર વૈકલ્પિક રૂટ (૧) સાવરકુંડલા, બગસરા, લાઠી, ધારી તરફથી આવતા તમામ ભારે વાહનો નાના માચીયાળા ચોકડીથી અમરેલી શહેરમાં આવવા દાખલ થવા માટે બાયપાસ થઈને સેન્ટર પોઈન્ટથી શહેરમાં પ્રવેશ મેળવવા તથા (૨) લાઠી તેમજ સાવરકુંડલા તેમજ બગસરાના નાના વાહનો કેરીયા રોડ બાયપાસ, ચક્કરગઢ રોડ બાયપાસ તથા હનુમાનપરા રોડથી પ્રવેશ મેળવવા માટે ડાયવર્ઝન આપી તા. ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ રાત્રીના ૧૦-૦૦ કલાકથી તા. ૦૧-૦૫-૨૦૨૬ ના રોજ સવારના ૦૬-૦૦ કલાક સુધી બંધ રાખી, વૈકલ્પિક રૂટ પરથી પસાર થવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

પ્રસ્તુત બાબતે, રજુ થયેલ દરખાસ્ત તથા અભિપ્રાય અહેવાલની વિગતે અમરેલી-લાઠી રોડ ફાટક રૂટ (LC ૧૯) પર રેલવે ટ્રેકનું કામ કરવાનું આયોજન હોય, આ કામગીરી દરમિયાન તા. ૩૦-૦૪-૨૦૨૬ના રોજ રાત્રીના ૧૦-૦૦ કલાકથી તા. ૦૧-૦૫-૨૦૨૬ ના રોજ સવારના ૦૬-૦૦ કલાક સુધી આ રસ્તા પરથી પસાર થતા તમામ હળવા તથા ભારે વાહનોની અવર-જવર સંપૂર્ણપણે બંધ કરી, ટ્રાફિક વ્યવસ્થાને અનુકુળ વૈકલ્પિક રૂટ આપી ટ્રાફિકને ડાયવર્ટ કરવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, અમરેલી-લાઠી રોડ ફાટક (LC ૧૯) પર રેલવે ટ્રેકના કામ સબબ, આ રસ્તા પરથી પસાર થતા તમામ પ્રકારના હળવા તથા ભારે વાહન વ્યવહાર બંધ કરી રૂટ ડાયવર્ટ કરવામાં આવે છે અને તમામ વાહનોએ નીચે મુજબના વૈકલ્પિક રૂટ પરથી પસાર થવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૧

લાઠી તરફથી અમરેલી શહેરમાં પ્રવેશતા ભારે વાહનોએ લાઠી બાયપાસથી નાના માચીયાળા ચોકડીથી ચિતલ રોડથી સેન્ટર પોઈન્ટથી અમરેલી શહેરમાં પ્રવેશ મેળવવાનો રહેશે.

વૈકલ્પિક રૂટ-૨

અમરેલી શહેરમાંથી લાઠી તરફ જતા ભારે વાહનોએ સેન્ટર પોઈન્ટથી ચિતલ રોડ થઈ નાના માચીયાળા ચોકડીથી બાયપાસ રોડ થઈ લાઠી તરફ જવાનું રહેશે.

વૈકલ્પિક રૂટ-૩

લાઠી તરફથી અમરેલી શહેરમાં પ્રવેશતા તથા અમરેલી શહેરમાં લાઠી તરફ જતા હળવા/નાના વાહનોએ ઉક્ત વૈકલ્પિક રૂટ ઉપરાંત કેરીયા રોડ બાયપાસ, ચક્કરગઢ રોડ બાયપાસ તથા હનુમાનપરા રોડ પરથી પસાર થવાનું રહેશે.

અમલવારીનો સમયગાળો :

આ જાહેરનામું તા. ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ રાત્રીના ૧૦-૦૦ કલાકથી તા. ૦૧-૦૫-૨૦૨૬ના રોજ સવારના ૦૬-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ, આથી એકતરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહું જાહેરનામું ડે. એન્જીનિયર(કોન્સ્ટ), પશ્ચિમ રેલવે, રાજકોટએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો, ચેનલો મારફતે પ્રસિધ્ધિ કરી તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા. ૨૯ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને ૩૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૧૭૩૧/૨૦૨૬, તા. ૨૧-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૫૨૭/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ તા. ૨૨-૦૪-૨૦૨૬નાં પત્રથી હાલમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ની આદર્શ આચાર સંહિતા અમલમાં હોય તેમજ તા.૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન અને તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર હોય, જેથી તકેદારીનાં ભાગ રૂપે સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અને કલમ-૩૩ મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા હાલમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ની આદર્શ આચાર સંહિતા અમલમાં હોય તેમજ તા.૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાન અને તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી થનાર હોય, જેના માટે તકેદારીના ભાગરૂપે અને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૬-૦૪-૨૦૨૬ થી તા. ૦૫-૦૫-૨૦૨૬ (બંને દિવસો સહિત) દરમ્યાન નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

Z. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(cc). ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(ccc) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૨૬-૦૪-૨૦૨૬ થી તા. ૦૫-૦૫-૨૦૨૬ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવી મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવું છું.

(૪) ઉપરોક્ત પેરા-૩ માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. હું એવો પણ આદેશ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૨૪, એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

વંચાણે લીધા :

(૧) પ્રભારી પ્રીન્સીપાલશ્રી, જવાહર નવોદય વિદ્યાલય-વ-સીટી કો-ઓર્ડીનેટર, અમરેલીના પત્ર નં. 2-49/NEET/જનવિઅમરેલી/2026-27/71, તા. 22-04-2026.

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૫૨૬/૨૦૨૬-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના પ્રભારી પ્રીન્સીપાલશ્રી, જવાહર નવોદય વિદ્યાલય-વ-સીટી કો-ઓર્ડીનેટર, અમરેલીના તા. ૨૨-૦૪-૨૦૨૬ના પત્રથી નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી સમયમાં તા. ૦૩-૦૫-૨૦૨૬ ના રોજ યોજાનાર NEET(UG)-2026 ની પરીક્ષા અન્વયે અમરેલી જિલ્લામાં વિવિધ શાળા/કોલેજમાં યોજાનાર સદરહુ પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાય રહે, ગેરરીતિ ન થાય તે માટે તેમજ પરીક્ષા કેન્દ્રોમાં વિજાણું યંત્રો જેવા કે મોબાઈલ, ફેકસ, ઝેરોક્ષ/કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીન પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ તથા લાઉડસ્પીકર પર પ્રતિબંધ ફરમાવવા અંગે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. જે દરખાસ્ત વાજબી અને આવશ્યક હોવાનો મને સંતોષ થયેલ છે.

આથી હું **દિલિપસિંહ ગોહિલ, (G.A.S.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનાં પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. **પ્રતિબંધિત વિસ્તાર** : નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશાઓની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તાર.

૨. **પ્રતિબંધિત કૃત્યો** : પરીક્ષા કેન્દ્રો પર ઈલેકટ્રોનિક વીજાણું યંત્રો જેવા કે, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ, ફેકસ કે અન્ય પ્રકારના કોમ્યુનિકેશનના સાધનો લઈને પ્રવેશવું નહી. તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના પ્રતિબંધિત વિસ્તારોમાં ઝેરોક્ષ/કોપી મશીનો તથા અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો પરીક્ષા સમય દરમ્યાન બંધ રાખવા. તેમજ પરીક્ષા સ્થળોની આસપાસનાં વિસ્તારમાં પરીક્ષાર્થિઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડ સ્પીકરનાં ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

કોઈ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી તેઓનો મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગ ખાતે લઈ જઈ શકાશે નહી. બિલ્ડીંગના પ્રવેશદ્વારથી જ બિલ્ડીંગમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે, પરંતુ મોબાઈલ જે તે સંસ્થાના આચાર્યશ્રીના રૂમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૨) વંચાણે લીધા ક્રમ નં. ૧ના પત્ર મુજબ અમરેલી જિલ્લા ખાતે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કેન્દ્રો ખાસ પરીક્ષાનું આયોજન થનાર છે.

NEET(UG)-૨૦૨૬ના પરીક્ષા કેન્દ્રો :-

ક્રમ	તાલુકો	પરીક્ષા સ્થળનું નામ	સરનામું
1	AMRELI	DEEPAK HIGH SCHOOL AMRELI	NEAR GAYATRI MANDIR, CHITTAL ROAD, AMRELI-365601.
2		KAMANI SCIENCE COLLEGE AND PRATAPRAI ARTS COLLEGE, UNIT-1,	VIDYAVIHAR, OPP. ITI, BHAVNAGAR ROAD, AMRELI-365601.
3		SMT S. S. AJMERA KANYA VIDHYALAY	STATION ROAD, AMRELI-365601.

(૩) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકારી/કર્મચારીઓ/ અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિન અધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહિ. તેમજ કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સિધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ ઈલ્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં.

(૪) ઉપર પેરા નં. ૨ માં દર્શાવેલ જે તે પરીક્ષાના કેન્દ્રના કમ્પાઉન્ડ હદથી ચારે બાજુ ૧૦૦ (એક સો) મીટરની હદની અંદર પરીક્ષાની તા. ૦૩-૦૫-૨૦૨૬ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૧૮-૦૦ કલાક સુધી આ હદની અંદર આવેલ જાહેર માર્ગ ઉપર ૪ કે તેથી વધુ વ્યકિતઓએ એકત્ર થવુ નહિ કે કોઈ વાહન ઉભું રાખવું નહિ. વધુમાં ફરમાવું છું કે આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર કોઈ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

(૫) દરેક પરીક્ષા કેન્દ્રના સંચાલકોએ ઉપરોકત સમય દરમ્યાન શાળામાં ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર મશીન બાબતે સ્વએકરારનામું કરવાનું રહેશે તથા જે તે શાળા-પરીક્ષા કેન્દ્રનું ઝેરોક્ષ/કોપી મશીન, સ્કેનર સીલ કરીને રાખવાનાં રહેશે તથા સીટી કો-ઓર્ડીનેટર, નીટ પરીક્ષા-૨૦૨૬, અમરેલીએ ખરાઈ કરી આ બાબતનું પ્રમાણપત્ર કેન્દ્ર સંચાલક પાસેથી પરીક્ષા સમય પહેલા અચૂક મેળવી લેવાનું રહેશે.

આ હુકમના મુદ્દા નં. ૪ ની જોગવાઈ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) પરીક્ષા ખંડમાં આવનાર પરીક્ષાર્થીઓને.

(૨) પરીક્ષા સંચાલનનાં કામ માટે ફરજ પર રોકાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને.

(૩) જાહેર માર્ગ પર પસાર થતા વાહનોમાં બેઠેલ મુસાફરોને.

(૪) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ હુકમના અમલમાંથી મુકિત આપેલ તથા NTA અધિકૃત વ્યકિતઓ તથા વાહનોને.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૩-૦૫-૨૦૨૬નાં રોજ સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૮-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ માં ઠરાવેલી શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સરૂ મદદનીશ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્રો મારફતે પ્રસિધ્ધ કરવા તથા આ હુકમની જાહેરાત પ્રભારી પ્રિન્સીપાલશ્રી નવોદય વિદ્યાલય-વ-સીટી કો-ઓર્ડીનેટર, અમરેલીએ ઉકત સ્થળોએ ચોંટાડીને કરવાની રહેશે તથા સરકારશ્રીના અસાધારણ રાજ્ય પત્રમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમની અમલવારી કરવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કાર્યવાહી કરવા માટે તેમજ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે સીટી કો-ઓર્ડીનેટર, નીટ પરીક્ષા-૨૦૨૬, અમરેલી સબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકશ્રીઓ તથા સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૪-એપ્રીલ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૨૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના કાયદાની કલમ-૩૭(૧), ૩૭(૩) અને 33 હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમેલીનાં પત્ર નં. એલ.આઈ.બી./હથિયારબંધી જાહેરનામું/૧૪૭૪/૨૦૨૬, તા. ૦૮-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/ઈ-૧૩૪૫૦૫/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ તા. ૦૮-૦૪-૨૦૨૬નાં પત્રથી આગામી દિવસો દરમ્યાન તા. ૧૪-૦૪-૨૦૨૬નાં રોજ ડો. બાબા સાહેબ આંબેડકર જયંતિની ઉજવણી તથા તા. ૧૯-૦૪-૨૦૨૬ ના રોજ ભગવાન પરશુરામ જયંતી પર્વની ઉજવણી થનાર હોય તેમજ હાલમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂટણીઓ એપ્રિલ-૨૦૨૬ની આદર્શ આચાર સંહિતા અમલમાં હોય જેથી તકેદારીનાં ભાગ રૂપે સમગ્ર અમરેલી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અનુસંધાને તકેદારીનાં ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા કલમ-૩૭(૩) અને કલમ-૩૩ મુજબ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ઉકત દરખાસ્ત ધ્યાને લેતા આગામી દિવસો દરમ્યાન તા. ૧૪-૦૪-૨૦૨૬નાં રોજ ડો. બાબા સાહેબ આંબેડકર જયંતી તથા તા. ૧૯-૦૪-૨૦૨૬ના રોજ ભગવાન પરશુરામ જયંતી પર્વની ઉજવણી થનાર હોય, તેમજ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ એપ્રિલ-૨૦૨૬ની આદર્શ આચાર સંહિતા અમલમાં હોય, જેના માટે તકેદારીના ભાગરૂપે અને હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ તથા કલમ-૩૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

જેથી હું, **દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૧-૦૪-૨૦૨૬ થી તા. ૨૫-૦૪-૨૦૨૬ (બંને દિવસો સહિત) નીચે મુજબના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું,

A. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની,

B. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવાની,

C. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની,

D. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની,

E. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની,

F. લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની,

Y. છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીશ્રીના અભિપ્રાય પ્રમાણે સૂરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, તે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

(૨) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(bb) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(bbb) શારિરીક અશક્તિને કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તે વ્યક્તિઓને,

(૩) વધુમાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ તથા કલમ-૩૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તા. ૧૧-૦૪-૨૦૨૬ થી તા. ૨૫-૦૪-૨૦૨૬ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત સબ ડીવઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઇ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની તેમજ સંબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી/પરવાનગી સિવાય લાઉડ સ્પીકર વગાડવાની હું મનાઈ ફરમાવુ છું.

(૪) ઉપરોક્ત પેરા-૩માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/અર્ધસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ વરઘોડા તથા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

(૫) આ જાહેરનામુ ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

તમામ નાગરીકોને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. હું એવો પણ આદેશ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી અમરેલીએ સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે બહોળી જાહેરાત કરી/કરાવીને પ્રસિધ્ધ કરવો.

આજ તા. ૧૦, એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

(દિલિપસિંહ ગોહિલ)

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ

અમરેલી

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.06 17:53:53 IST